# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

**"દિવ્યાંગ ઉમેદવારોની ખાસ ભરતી ઝુંબેશ (Special Recruitment Drive) અંતર્ગત મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી-૨૦૨૫ જાહેરનામું"**

**જાહેરનામાં ક્રમાંક:રાપબો/PH HTAT/૨૦૨૫/૭૩૦૩-૭૪૩૯** **તા:૧૧/૦૬/૨૦૨૫**

શિક્ષણ વિભાગના તા:૨૨/૦૯/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૫૦/પીઆરઇ/ ૧૧૧૫/એસઆઇ/એફ/૧૧/કે થી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, જીલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિઓ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓમાં મુખ્ય શિક્ષક(વર્ગ-3) ની જગ્યાએ સીધી ભરતીથી નિમણૂંક મેળવવા નિયમો Head Teacher, Class-III, in Directorate of Primary Education, District Primary Education Committees and Municipal Primary Education Committees Recruitment Rules, 2016 બનાવવામાં આવ્યા છે.

શિક્ષણ વિભાગના તા:૧૮/03/૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૧૧/પીઆરઇ/ ૧૧૧૫/એસઆઇ/એફ/૧૧/કે થી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, જીલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિઓ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓમાં મુખ્ય શિક્ષક(વર્ગ-3) ની જગ્યાએ સીધી ભરતીથી નિમણૂંક મેળવવા નિયમો Head Teacher, Class-III, in Directorate of Primary Education/District Primary Education Committees and Municipal Primary Education Committees Recruitment (Amendment) Rules,2017 બનાવવામાં આવ્યા છે.

મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી અંગેના શિક્ષણ વિભાગના તા:૨૨/03/૨૦૧૭ ઠરાવક્રમાંક: પીઆરઈ/૧૧૧૧/૨૮૩૪/ક થી પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (Head Teacher) માટેની અભિયોગ્યતા કસોટી માટેના નિયમો ઠરાવવામાં આવેલ છે.

પ્રાથમિક શાળાઓમાં સીધી ભરતીથી મુખ્ય શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટેની નિયત લાયકાત ધરાવતા **ફક્ત દિવ્યાંગ ઉમેદવારો** માટે જ મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી Head Teacher Aptitude Test (HTAT) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા ઓગસ્ટ-૨૦૨૫ માં લેવા માટે નીચેની વિગતે આથી જાહેરનામું બહાર પાડવામાં આવે છે. સદર કસોટી/પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડના આયોજન અને અમલીકરણ હેઠળ નક્કી કરેલ જિલ્લા/જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓના સંચાલન હેઠળ લેવામાં આવશે.

❖ **મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી-૨૦૨૫નો કાર્યક્રમ:**

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડવાની તારીખ | ૧૧/૦૬/૨૦૨૫ |
| ૨ | વર્તમાનપત્રોમાં કસોટી અંગે જાહેરાત પ્રસિદ્ધથવાની તારીખ | ૧૨/૦૬/૨૦૨૫ |
| 3 | ઉમેદવારો માટે રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાનો સમયગાળો | ૧3/૦૬/૨૦૨૫ થી ૨3/૦૬/૨૦૨૫ |
| ૪ | નેટ બેંકીંગ મારફત ફી સ્વીકારવાનો સમયગાળો | ૧3/૦૬/૨૦૨૫ થી ૨૪/૦૬/૨૦૨૫ |
| ૫ | પરીક્ષાનો સંભવિત માસ | ઓગસ્ટ-૨૦૨૫ |

## ❖ HTAT પરીક્ષા માટે શૈક્ષણિક લાયકાત, ઉમર તથા અનુભવની વિગતો:

- શિક્ષણ વિભાગના તા:૨૨/૦૯/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૫૦/પીઆરઇ/૧૧૧૫/એસઆઇ/એફ/૧૧/કે અનુસાર.

4. To be eligible for appointment by direct selection to the post mentioned in rule 2, a candidate shall,-

(a) not be more than 42 years of age;

Provided that upper age limit may be relaxed in favour of a candidate who is already in the service of the Government of Gujarat in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967:

Provided further that the upper age limit may be relaxed in favour of a candidate of a candidate of a Scheduled Caste, Scheduled Trible, Socially and Educationally Backward Class and in favour of a Woman in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;

Provided also that nothing contained in clause (b) of sub-clause (9) of rule 8 of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 shall be applicable in so far as relaxation of upper age limit as prescribed above is concerned; and

(b) (1) possess a Bachelor's degree in Arts or Science or Commerce obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other educational institutions recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; and

(i) have completed two years certificate course of Primary Teachers Course from any educational institution recognised by the Government; or

(ii) possess one year degree in special education obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other educational institutions recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; or by Rehabilitation Council of India or by the Central Government; or

(iii) possess a Bachelor's degree in Education obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; or

(2) have passed Higher Secondary Certificate Examination conducted by a Secondary and/or Higher Secondary Education Board or possess an equivalent qualification recognised as such by the Government; and possess four years' Bachelor's degree in Elementary Education or a four years Bachelor's degree in education obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other educational institution recognised as such or declared to be deemed as a university under section 3 of the University Grants Commission Act, 1956; or

(3) (ii) have about five years' separate or combined experience of teaching as a Teacher or VidhyaSahayak, Shikshan Sahayak, Adhyapak Sahayak, Junior Lecturer, Senior Lecturer in Government or Grant-in-Aid or Non-Grant-in-Aid Private Lower Primary School or Upper Primary School or Secondary Education School or Higher

Secondary Education School or Primary Education Adhyapan Mandir or District Institute of Education and Training (DIET); and

(c) possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;and

(d) possess adequate knowledge of Gujarati or Hindi or both. (જાહેરનામાની નકલ આ સાથે સામેલ છે.)

તેમજ શિક્ષણ વિભાગના તા.૧૬/૦૫/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક:પીઆરઆઇ/૧૧૧૧/સીંગલ-ફાઇલ-૩/ક, અન્વયે સીધી ભરતીથી મુખ્ય શિક્ષક થવા માટે નિયત કરેલ અને તેમાં વખતોવખત થતા સુધારા-વધારા મુજબની શૈક્ષણિક લાયકાત, ઉમર, અનુભવ અને અન્ય જોગવાઇ/શરતો પરિપૂર્ણ કરતા દિવ્યાંગ ઉમેદવારો જ મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીમાં ઉપસ્થિત થઇ શકશે. (ઠરાવની નકલ આ સાથે સામેલ છે.)

શિક્ષણ વિભાગના તા.૧૪/૧૨/૨૦૨૨ ના સુધારા ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૨/સીં.ફા-૫/ક (ભાગ-૧), ની શરતો પરિપુર્ણ કરતા દિવ્યાંગ ઉમેદવારો જ સીધી ભરતીથી મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીમાં ઉપસ્થિત થઇ શકશે. (ઠરાવની નકલ આ સાથે સામેલ છે.)

સીધી ભરતીથી મુખ્ય શિક્ષક થવા માટેની પાત્રતા ધરાવતા હોય તેવા ઉમેદવારોએ ઓનલાઇન અરજીપત્રકની અનુભવની વિગતોમાં ક્રમ નં:૩ થી ૯ માં જણાવેલ અનુભવ પૈકી લાગુ પડતી વિગતો દર્શાવવાની રહેશે. આવા ઉમેદવારો માટે ઓનલાઇન અરજીપત્રકની શૈક્ષણિક લાયકાતની વિગતો દર્શાવવી ફરજીયાત રહેશે.

શિક્ષણ વિભાગના તા.૨૦/૦૧/૨૦૧૭ ના જાહેરનામા અનુસાર તેમજ તેમાં થયેલ વખતોવખત સુધારા-વધારા મુજબની શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે. (જાહેરનામાની નકલ આ સાથે સામેલ છે.)

❖ શિક્ષણ વિભાગના તા.૧૪/૧૨/૨૦૨૨ ના સુધારા ઠરાવ:પીઆરઇ/૧૧૨૦૧૨/સીં.ફા-૫/ક(ભાગ-૧) થી મુખ્ય શિક્ષક વર્ગ-૩, નિમણૂંક માટેના દિવ્યાંગતાના પ્રકાર નીચે મુજબ ઠરાવેલ છે. (ઠરાવની નકલ આ સાથે સામેલ છે.)

| Sr.No | Name of the post | Category of Disability | | | |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | | | |
| | | A | B | C | D&E |
| 1 | મુખ્ય શિક્ષક, વર્ગ-૩ | B, LV | HH (40-70%) | OA, OL, BL, OAL, LC, CP, Dw, AAV, SD, SI | MI (40-70%) MD (40-70%) |

- Code and Functional Classification: Blind (B), Low Vision (LV) (40-70%), [Hard of Hearing (HH) (40-70%)], [Locomotor Disability (LD) :- OA (One Arm), OL (One Leg), BL (Both Legs), OAL (One Arm One Leg), LC (Leprosy cured), CP (Cerebral palsy), Dw (Dwarfism), AAV (Acid attack victim), MI (Mental illness), SD (Spinal Deformity), SI (Spinal Injury).
- [MD s (Multiple Disabilitie) :- Disabilities included in group (A) to (D) (40-70%)]

❖ <u>કસોટીનું માળખુ:</u>

- પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ તેમજ કસોટીની અન્ય બાબતો માટે શિક્ષણ વિભાગના તા:૨૨/03/૨૦૧૭ ઠરાવક્રમાંક: પીઆરઈ/૧૧૧૧/૨૮૩૪/ક માં જણાવ્યા અનુસાર રહેશે. (ઠરાવની નકલ આ સાથે સામેલ છે.)
- આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની (Multiple Choice Question Based-MCQS) રહેશે.
- આ કસોટીઓ બે વિભાગમાં રહેશે. વિભાગ-૧ માં ૭૫ પ્રશ્નો રહેશે તથા વિભાગ-૨ માં ૭૫ પ્રશ્નો રહેશે.
- આ કસોટીઓમાં વિવિધ કુલ હેતુલક્ષી ૧૫૦ પ્રશ્નો રહેશે અને પ્રશ્નપત્રનો સળંગ સમય ૧૨૦ મિનીટનો રહેશે. આ કસોટીઓના બંન્ને વિભાગ અને તમામ પ્રશ્નો ફરજીયાત રહેશે. આ કસોટીના બંન્ને વિભાગનું સળંગ એક જ પ્રશ્નપત્ર રહેશે.
- દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે
- આ કસોટીઓના મુલ્યાંકનમાં કોઇ નકારાત્મક મુલ્યાંકન રહેશે નહી.

❖ <u>નોંધ:</u>

- શૈક્ષણિક લાયકાત, અનુભવ, વિકલાંગતા તેમજ વયમર્યાદાની વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે. રાજ્ય પરીક્ષા બોર્ડ ફી ભરેલ તમામ ઉમેદવારોને પરીક્ષામાં બેસવા તક આપશે. તેથી પરીક્ષા આપી પાસ થવાથી ભરતી માટે લાયક ગણી શકાશે તેવો દાવો કરી શકાશે નહી. આ અંગે ભરતી સમિતિ જે નિર્ણય લે તે આખરી ગણાશે.

❖ <u>પરીક્ષા ફી:</u>

- દિવ્યાંગ ઉમેદવારોની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીની પરીક્ષા ફી 400/- (ચારસો પુરા) ભરવાની રહેશે. આ ઉપરાંત સર્વિસ ચાર્જ અલગથી રહેશે.
- કોઇપણ સંજોગોમા ભરેલ ફી પરત કરવામા આવશે નહિ.

❖ <u>ફી ભરવાની પધ્ધતિ:</u>

- ઉમેદવાર ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા DEBIT CARD/NET BANKING/CREDIT CARD/UPI થી પરીક્ષા ફી ભરી શકશે. ઓનલાઇન ફી જમા કરાવવા માટે Print Application/Pay Fees" ઉપર ક્લીક કરવું અને વિગતો ભરવી. ત્યાર બાદ Online Payment" ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking of fee" અથવા Other Payment Mode" ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું screen પર લખાયેલું આવશે. અને e-receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.
- ઓનલાઇન ફી ભરનાર ઉમેદવારે જો તેના બેંક ખાતામાંથી ફીની રકમ કપાયા બાદ ફીની e-receipt જનરેટ ન થઇ હોય તો તેવા ઉમેદવારોએ તાત્કાલિક રાજ્ય પરીક્ષા બોર્ડનો ઇ-મેલ (gseb21@gmail.com) થી સંપર્ક કરવાનો રહેશે.

❖ <u>પરીક્ષા કેન્દ્ર:</u>

- પરીક્ષા માટે નોંધાયેલ ઉમેદવારોની સંખ્યા તથા પરીક્ષાલક્ષી વહીવટી અનુકૂળતા અનુસાર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગુજરાત રાજ્યમાં જ કસોટી/પરીક્ષા કેન્દ્ર/પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવશે. ઉમેદવારે બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર પર સ્વખર્ચે પરીક્ષા આપવા ઉપસ્થિત રહેવાનું રહેશે.

❖ <u>પ્રશ્નપત્રના માધ્યમ:</u>

- પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી રહેશે.

❖ <u>અગત્યની સુચનાઓ:</u>

1. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીથી વેબસાઈટ નિયમિત જોતા રહેવું આવશ્યક છે.
2. પરીક્ષા સંબંધી વિગતોથી સતત માહિતગાર થવા માટે **http://www.sebexam.org** વેબસાઈટ જોતા રહેવાનું રહશે.
3. ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અંગે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ખરાઈ કરવામાં આવતી નથી. આથી વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગત માટે ઉમેદવાર પોતે જવાબદાર રહે છે.
4. આ કસોટી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આવેદનપત્ર ઓનલાઇન ભરાવવામાં આવે છે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો ઉમેદવાર દ્વારા છુપાવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું બોર્ડને માલુમ પડશે તો તેવા ઉમેદવારના પરિણામ રદ કરવાનો નિર્ણય અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ લેશે. પરીક્ષાલક્ષી તમામ બાબતો માટે અધ્યક્ષશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડનો નિર્ણય આખરી રહેશે.
5. ઉમેદવારે પોતે ભરેલ ફોર્મની વિગત સાચી છે તેવું પ્રમાણપત્ર ઓનલાઈન આપવાનું રહેતુ હોઈ જો કોઈ ખોટી વિગત રજુ કરશે તો તેનુ ફોર્મ રદ થવા પાત્ર બનશે તથા તેની સામે ફોજદારી ગુનો બનશે.
6. વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.
7. દિવ્યાંગતા કેટેગરી વગેરેની માહિતી સરકારશ્રીએ માન્ય કરેલ સક્ષમ અધિકારીએ ઇશ્યુ કરેલ સર્ટીફીકેટ મુજબની ભરવાની રહેશે. રાજય પરીક્ષા બોર્ડ ઉમેદવારે ભરેલ માહિતીને આધારે પરીક્ષામાં ઉપસ્થિત રાખશે. પરંતુ પ્રમાણપત્રની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે આખરી નિર્ણય ભરતી સમિતિનો રહેશે.
8. શારિરીક અપંગતા(Physically Handicap) ના કિસ્સામાં રાજય સરકારે નકકી કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે.
9. ઉમેદવારે વેબસાઈટ પર ઓનલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ કાઢી તે ફોર્મમાં સહી કરીને જરૂરી આધારો જેવા કે, પરીક્ષા ફી ભર્યાની પે સ્લીપ નકલ, જાતિ પ્રમાણપત્ર , આર્થિક રીતે નબળા વર્ગ, ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવાનું (નોન ક્રિમીલીયર સર્ટી) પ્રમાણપત્ર અને શારિરીક અપંગતા (Physically Handicap) અંગેનું પ્રમાણપત્ર પૈકી ઉમેદવારને લાગુ પડતા હોય તેવા આધારો પોતાની પાસે રાખવાના રહેશે. જ્યારે કોઈ જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે ઉમેદવારે તે રજુ કરવાના રહેશે.
10. જે ઉમેદવારે નિયત પરીક્ષા ફીની પે સ્લીપની રસીદ મેળવેલ હશે તે જ ઉમેદવાર પોતાની કમ્પ્યુટરાઈઝ હોલટિકિટ પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરી શકશે.

11. ઉમેદવારે હોલટિકિટ ડાઉનલોડ કર્યા બાદ તેની નીચે/પાછળ આપેલી સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો. OMR શીટ પર છાપેલ તમામ સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો ખૂબ જ જરૂરી છે. જેથી પરીક્ષા સમયે કોઈ ગુંચવણ ઊભી ન થાય.
12. દિવ્યાંગ ઉમેદવારોની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીમાં ઉમેદવારે વિભાગ-૧ અને ૨ બંન્નેમાં મળી ઓછામાં ઓછા 55% (82 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.
નોંધ: આ પરીક્ષાનું માળખુ, પરીક્ષા પધ્ધતિ અને બાકીની સુચનાઓ પરીક્ષા પહેલા સરકારશ્રીના વખતોવખતના ઠરાવો, સુચનાઓ અને જોગવાઈઓને આધિન રહેશે.
13. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાઈ રહેલ આ કસોટી બાબતે ઉમેદવારોને લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી સાવધ રહેવા જણાવવામાં આવે છે. કોઈપણ પ્રકારાની લાગવગ/દબાણ લાવનાર ઉમેદવારને ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
14. ઉકત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય તો કચેરીના ચાલુ કામકાજના દિવસે કચેરી સમય દરમિયાન બોર્ડની કચેરીના ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર (૦૭૯) ૨૩૨૪૮૪૬૧, ૨૩૨૪૮૪૬૨ ઉપર સંપર્ક કરી શકાશે.
15. આ કસોટી ઉચ્ચ પ્રાથમિક શાળામાં ખાસ પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટે જરૂરી લાયકાત પ્રાપ્ત કરવા માટેની છે, આ કસોટી પાસ કરવાથી ખાસ પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયક તરીકે પસંદગી પામવાનો હક મળતો નથી.

## ❖ <u>ઓનલાઈન અરજી કરવાની રીત :</u>

- આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૧૩/૦૬/૨૦૨૫ (૧૪:૦૦:૦૦ કલાક) થી તા:૨૩/૦૬/૨૦૨૫ (૨૩:૫૯:૫૯ કલાક) દરમિયાન **http://www.sebexam.org** પર ઓનલાઈન જ અરજીપત્રક સ્વીકારવામાં આવશે. ઉમેદવારે નિયત કરેલ ફોર્મ ઓનલાઈન ભરવા માટેની સૂચનાઓ નીચે મુજબની છે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.
- અરજી ફોર્મ ચોકસાઈપૂર્વક online ભરવાનું રહેશે. <u>નામ, અટક, જન્મ તારીખ, જાતિ (કેટેગરી) કે અન્ય કોઈ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.</u>
- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ **http://www.sebexam.org** પર જવું.
- "Apply Online" પર Click કરવું.
- Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ Personal Details ઉમેદવારે ભરવી. (અહીં લાલ(*) કુંદડીની નિશાની જયાં હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)
- Educational Details અને અનુભવની વિગતો પૂરેપૂરી ભરવી.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload Photo પર click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યાર બાદ OK પર Click કરો. અહીં Photo અને Signature upload કરવાના છે. Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG Format માં (15 KB) સાઈઝથી વધારે નહીં તે રીતે સોફ્ટકોપીમાં હોવા જોઈએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં JPG Format માં તમારો Photo Store

થયેલ છે તે ફાઇલને તેમજ તમારી Sign Store થયેલ છે તે ફાઈલને તેમજ જે Certificates Store થયેલ છે તે બધી ફાઈલને Select કરો અને Open Button ને Click કરો. અને Upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo, Sign દેખાશે.

- હવે પેજના ઉપરના ભાગમા Confirm Application પર Click કરો અને Application Number તથા Birth Date Type કર્યા બાદ Submit પર Click કરવાથી Application Preview દેખાશે અને Confirm Application પર Click કરી પોતાની અરજી Confirm કરવાની રહેશે
- વધુમાં ઉમેદવારે વિગતો ભરતી વખતે જો પોતાના નામ, અટક, જન્મ તારીખ કે કેટેગરી જો કોઈ ભૂલ કરેલ હશે તો પાછળથી માર્કશીટમાં કોઈ સુધારો કરવામાં નહી આવે તેની ઉમેદવારે ખાસ ધ્યાન રાખવું.
- Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં online સ્વીકાર થઈ જશે. અહીં Confirm Number Generate થશે. જે ત્યારપછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ ઉમેદવારે સાચવવાનો રહેશે. ઉમેદવારે બોર્ડ સાથે કોઈપણ પત્રવ્યવહાર કે રજૂઆત કરતી વખતે પરીક્ષાનું નામ અને Confirmation Number દર્શાવવાનો રહેશે.
- આ પરીક્ષાની ફી માત્ર ઓનલાઈન પેમેન્ટ મોડ થી ભરવાની રહેશે.
- ઉમેદવારે sebexam.org વેબસાંઇટના માધ્યમથી ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા DEBIT CARD/NET BANKING/CREDIT CARD/UPI થી પરીક્ષા ફી ભરી શકશે.

સ્થળ:ગાંધીનગર
તારીખ:૧૧/૦૬/૨૦૨૫

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

**નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉધોગ ભવન, ગાંધીનગર.
- મેનેજરશ્રી, બીલડેસ્ક, અમદાવાદ.

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અગ્ર સચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યાસમિક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.

Extra No. 551

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, SEPTEMBER 22, 2016/BHADRA 31, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-B**

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts**

**EDUCATION DEPARTMENT**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 22nd September, 2016.

**Gujarat Primary Education Act, 1947.**

**NO.GH/SH/50/PRE/1115/SI/F/11-K** :- In exercise of the powers conferred by sub-section (3) of section 23 of the Gujarat Primary Education Act, 1947 (Bom LXI of 1947), and in supersession of all the rules made in this behalf, the Government of Gujarat hereby makes the following rules to provide for regulating recruitment to the post of Head Teachers Class III, in the subordinate services of the Directorate of Primary Education and the District Primary Education Committees or Municipal Primary Education Committees namely:-

1. These rules may be called the Head Teacher, Class III, in the Directorate of Primary Education District Primary Education Committees and Municipal Primary Education Committee Recruitment Rules, 2016.

2. Appointment to the post of Head Teacher Class III, in the subordinate service of the Directorate of Primary Education, District Primary Education Committees and Municipal Primary Education Committees shall be made either, -

   (a) by promotion of a person of proved merit and efficiency from amongst the persons who,-

      (i) have worked for not less than five years in the cadre of Lower Primary Teacher or Upper Primary Teacher, Class III, in the subordinate service of the Directorate of Primary Education, or District Primary Education Committees or Municipal Primary Education Committees;

      (ii) have passed the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006; and

(iii) have passed the Head Teacher Aptitute Test as may be prescribed by the Government:

Provided that where the appointing authority is satisfied that a person having the experience specified in sub clause (i) above is not available for promotion and that it is necessary in the public interest to fill up the post by promotion even of a person having experience for a lesser period; it may, for reasons to be recorded in writing, promote such person who possesses experience of a period of not less than two-thirds of the period specified in sub clause (i) above; or

(b) by direct selection.

3. (a) Apointments by promotion and direct selection shall be made in the ratio of 1:1, respectively,

(b) Appointments by promotion from the cadre of Lower Primary Teacher and Upper Primary Teacher, Class III under sub clause (i) of rule 2 shall be made in the ratio of 3:2, respectively.

4. To be eligible for appointment by direct selection to the post mentioned in rule 2, a candidate shall, -

(a) not be more than 42 years of age;

Provided that upper age limit may be relaxed in favour of a candidate who is already in the service of the Government of Gujarat in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967:

Provided further that the upper age limit may be relaxed in favour of a candidate of a candidate of a Scheduled Caste, Scheduled Trible, Socially and Educationally Backward Class and in favour of a Woman in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;

Provided also that nothing contained in clause (b) of sub-clause (9) of rule 8 of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 shall be applicable in so far as relaxation of upper age limit as prescribed above is concerned; and

(b) (1) possess a Bachelor's degree in Arts or Science or Commerce obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other educational institutions recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; and

(i) have completed two years certificate course of Primary Teachers Course from any educational institution recognised by the Government; or

(ii) possess one year degree in special education obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other educational institutions recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; or by Rehabilitation Council of India or by the Central Government; or

(iii) possess a Bachelor's degree in Education obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; or

(2) have passed Higher Secondary Certificate Examination conducted by a Secondary and/or Higher Secondary Education Board or possess an equivalent qualification recognised as such by the Government ; and possess a four years' Bachelor's degree in Elementary Education or a four years' Bachelor's degree in Education obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other educational institution recognised as such or declared to be deemed as a university under section 3 of the University Grants Commission Act, 1956; or

(3) (i) have passed the Head Teacher Aptitute Test as may be prescribed by the Government; and

(ii) have about five years' separate or combined experience of teaching as a Teacher or VidhyaSahayak, Shikshan Sahayak, Adhyapak Sahayak, Junior Lecturer, Senior Lecturer in Government or Grant-in-Aid or Non-Grant-in-Aid Private Lower Primary School or Upper Primary School or Secondary Education School or Higher Secondary Education School or Primary Education Adhyapan Mandir or District Institute of Education and Training (DIET); and

(c) possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;and

(d) possess adequate knowledge of Gujarati or Hindi or both.

5. The candidate appointed by direct selection shall be on probation for a period of one year.

6. The candidate appointed by direct selection shall, during his probation period, require to pass the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006.

7. The candidate appointed by direct selection shall require to pass an examination in Hindi or Gujarati or both in accordance with the rules prescribed by the Government.

8. The candidate appointed either by direct selection or by promotion shall require to undergo such training and to pass such examination as may be prescribed by the Government.

9. The candidate appointed by direct selection shall require to furnish a security and surety bond in such form, for such amount and for such period, as may be prescribed by the Government.

By order and in the name of the Governor of Gujarat,

**PAKESH THAKOR,**
Under Secretary to Government.

---

**Government Central Press, Gandhinagar.**

**NOTIFICATION**

Education Department
Sachivalaya,Gandhinagar.
Dated the 18th March, 2017.

Gujarat Primary Education Act, 1947.

**No.GH/SH/11/PRE/1115/SI/F/11/K** :- In exercise of the powers conferred by sub-section (3) of the section 23 of the Gujarat Primary Education Act, 1947 (Bom. LXI of 1947), the Government of Gujarat hereby makes the following rules further to amend the Head Teacher, Class III, in the Directorate of Primary Education/District Primary Education Committees and Municipal Primary Education Committee Recruitment Rules, 2016, namely:-

1. These rules may be called the Head Teacher, Class III, in the Directorate of Primary Education/District Primary Education Committees and Municipal Primary Education Committee Recruitment (Amendment) Rules, 2017.

2. In the Head Teacher, Class III, in the Directorate of Primary Education/District Primary Education Committees and Municipal Primary Education Committee Recruitment Rules, 2016, in rule 4, in clause (b), in sub-clause (1), in item (i), for the words "Primary Teachers Course" the words "Primary Teachers Course or Diploma in Elementary Education" shall be substituted.

By order and in the name of the Governor of Gujarat,

**(Pakesh Thakor)**
Under Secretary to Government.

To,
Principal Secretary to Hon. Governor, Raj Bhavan, Gandhinagar
Secretary to Hon. Chief Minister, Sachivalaya, Gandhinagar

2...

પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (Head Teacher) માટેની અભિયોગ્યતા કસોટી માટેના નિયમો બનાવવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૧૧/૨૮૩૪/ક
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૨/૦૩/૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનું તારીખ ૧૮/૦૧/૨૦૧૨નું જાહેરનામુ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/ સીંગલ ફાઇલ-૩/ક

(૨) શિક્ષણ વિભાગનો તારીખ ૧૮/૦૧/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/૨૮૩૪/ક

(૩) શિક્ષણ વિભાગનો તારીખ ૧૬/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/સીંગલ ફાઇલ-૩/ક

(૪) શિક્ષણ વિભાગનો તારીખ ૨૦/૦૬/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/૨૮૩૪/ક

(૫) શિક્ષણ વિભાગનું તારીખ ૨૨/૦૯/૨૦૧૬નું જાહેરનામુ ક્રમાંકઃ- જીએચ/એસએચ/૫૦/ પીઆરઇ/૧૧૧૫/એસઆઇ/એફ/૧૧/કે

(૬) શિક્ષણ વિભાગનું તારીખ ૧૮/૦૩/૨૦૧૭નું જાહેરનામુ ક્રમાંકઃ- જીએચ/એસએચ/૧૧/ પીઆરઇ/૧૧૧૫/એસઆઇ/એફ/૧૧/કે

(૭) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીનો તારીખ ૦૯/૦૧/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ/નીતિ/૨૦૧૭/ક/૨૪૫

આમુખઃ-

વંચાણે લીધેલા ક્રમઃ (૧) ઉપરના શિક્ષણ વિભાગના તારીખ ૧૮/૦૧/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/સીંગલફાઇલ-૩/કથી મુખ્ય શિક્ષકની જગ્યા માટેના ભરતી નિયમો મંજુર થયા હતા તેને ધ્યાને લઇ વંચાણે લીધેલા ક્રમઃ (૨) ઉપરના શિક્ષણ વિભાગના તારીખ ૧૮/૦૧/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/૨૮૩૪/કથી પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (Head Teacher) માટેની અભિયોગ્યતા કસોટી માટે નિયમો બનાવવામાં આવેલ હતા પરંતુ વંચાણે લીધેલ ક્રમાંકઃ (૫) ઉપરના શિક્ષણ વિભાગના તારીખ ૨૨/૦૯/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/૫૦/પીઆરઇ/૧૧૧૫/એસઆઇ/એફ/૧૧/કેથી અગાઉના બધા જ નિયમો રદ કરીને, નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, જીલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિઓ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓમાં મુખ્ય શિક્ષક (વર્ગ-૩)ની જગ્યાએ સીધી ભરતી/બઢતીથી નિમણૂંક મેળવવા નિયમો Head Teacher, Class-III, in Directorate of Primary Education, District Primary Education committees and Municipal Primary Education Committee Recruitment Rules, 2016 બનાવવામાં આવ્યા છે.

ઠરાવઃ

૧. વંચાણે લીધેલ ક્રમાંકઃ (૫) ઉપરના શિક્ષણ વિભાગના તારીખ ૨૨/૦૯/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/ એસએચ/ ૫૦/પીઆરઇ/ ૧૧૧૫/ એસઆઇ/ એફ/૧૧-કેથી અગાઉના બધા જ નિયમો રદ કરવામાં આવેલ હોવાથી, શિક્ષણ વિભાગનું તારીખ ૧૮/૦૧/૨૦૧૨નું જાહેરનામુ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/સીંગલફાઇલ-૩/ક પણ રદ થયેલ હોઇ, શિક્ષણ વિભાગના તારીખ ૧૮/૦૧/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/ ૧૧૧૧/ ૨૮૩૪/ક અને શિક્ષણ વિભાગના તારીખ ૨૦/૦૬/૨૦૧૩ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/ ૧૧૧૧/ ૨૮૩૪/કનું અસ્તિત્વ રહેતું ન હોઇ, આમુખના ક્રમાંકઃ (૭) ઉપરના નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીના તારીખ ૦૯/૦૧/૨૦૧૭ના પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ/નીતિ/૨૦૧૭/ક/૨૪૫થી કરવામાં આવેલ દરખાસ્ત ઉપર પુખ્ત વિચારણા કરીને, શિક્ષણ વિભાગનો તારીખ ૧૮/૦૧/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/૨૮૩૪/ક અને તારીખ ૨૦/૦૬/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/૨૮૩૪/ક આથી રદ કરવામાં આવે છે.

૨. વંચાણે લીધેલ ક્રમાંકઃ (૫) ઉપરના શિક્ષણ વિભાગના તારીખ ૨૨/૦૯/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/૫૦/પીઆરઇ/૧૧૧૫/એસઆઇ/એફ/૧૧-કેથી અગાઉના બધા જ નિયમો રદ કરીને, નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, જીલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિઓ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓમાં મુખ્ય શિક્ષક (વર્ગ-૩)ની જગ્યાએ સીધી ભરતી/બઢતીથી નિમણૂંક મેળવવા નિયમો Head Teacher, Class-III, in Directorate of Primary Education, District Primary Education committees and Municipal Primary Education Committee Recruitment Rules, 2016 બનાવવામાં આવેલા હોઇ, તેને ધ્યાને લઇ, પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (Head Teacher) માટેની અભિયોગ્યતા કસોટી માટે નીચે મુજબના નિયમો ઠરાવવામાં આવે છેઃ

(૧) <u>ઉમેદવારની યોગ્યતા :</u>

શિક્ષણ વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંકઃ(૫) ઉપરના જાહેરનામા અન્વયે સીધી ભરતી/બઢતીથી મુખ્ય શિક્ષક થવા માટે નિયત કરેલ અને તેમાં વખતોવખત થતા સુધારા-વધારા મુજબની શૈક્ષણિક લાયકાત અને વંચાણે લીધેલ ક્રમાંકઃ(૩) ઉપરના શિક્ષણ વિભાગના તારીખ ૧૬/૦૫/૨૦૧૨ના ઠરાવ અન્વયે અનુભવ અને અન્ય જોગવાઇ/શરતો પરિપૂર્ણ કરતા ઉમેદવારો જ મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીમાં ઉપસ્થિત થઇ શકશે.

(૨) <u>મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી અને કસોટી રચનાનું માળખું અને વિષય-વસ્તુ :</u>

(ક) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી અંગેની તમામ કસોટીઓ બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપ (Multiple Choice Question Based – MCQ's) રહેશે. દરેક પ્રશ્ન એક ગુણનો રહેશે. દરેક પ્રશ્નના ઉત્તરમાં ચાર વિકલ્પ રહેશે. જેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે. પરીક્ષાની પધ્ધતિ ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર નક્કી કરશે.

(ખ) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીના મૂલ્યાંકનમાં કોઈ નકારાત્મક ગુણાંકન (Negative Marking) રહેશે નહી. જે તે વિષયની લાયકાત અને અનુભવ ધરાવતા ઉત્તમ તજજ્ઞો દ્વારા ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા સંપૂર્ણ ગોપનીયતા જાળવીને પ્રશ્નપત્રો તૈયાર કરવાના રહેશે. તે માટેના અલાયદા નીતિ નિયમો અને સૂચનાઓ તથા માર્ગદર્શક બાબતો અંગેની સાહિત્ય સામગ્રી અને પરીક્ષા લેવા અંગેનું જાહેરનામુ ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તૈયાર કરીને પ્રચાર અને પ્રસાર કરવાનો રહેશે.

(૩) <u>પરીક્ષા ફી :</u>

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર વખતોવખત નક્કી કરે તે મુજબ રહેશે.

(૪) <u>મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી/પરીક્ષા</u> :

ગુજરાત રાજ્યમાં આવેલ પ્રાથમિક શાળામાં બઢતી કે સીધી ભરતીથી મુખ્ય શિક્ષક તરીકે નિમણૂંક મેળવવા માટે નીચે પ્રમાણેની પરીક્ષા લેવામાં આવશે.

I. પ્રાથમિક શાળામાં બઢતી કે સીધી ભરતીથી મુખ્ય શિક્ષક થવા આ પરીક્ષા પાસ કરવાની રહેશે.

(ક) વિવિધ હેતુલક્ષી કુલ ૧૫૦ પ્રશ્નો રહેશે અને તેનો સમય સળંગ ૧૨૦ મીનીટનો રહેશે. દરેક પ્રશ્નનો ૧(એક) ગુણ હશે.

(ખ) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી બે વિભાગમાં લેવામાં આવશે. દરેક વિભાગમાં ૭૫-૭૫ ગુણનાં પ્રશ્નો રહેશે.

(ગ) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીનાં તમામ વિભાગ અને તમામ પ્રશ્નો ફરજિયાત રહેશે.

(ઘ) બન્ને વિભાગોનું એક જ પેપર રહેશે.

II. <u>વિભાગ – ૧</u> <u>(૭૫- ગુણ)</u>

મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીના વિભાગ-૧ના ત્રણ પેટા વિભાગ નક્કી કરવામાં આવેલ છે.

<u>(ક) સામાન્ય જ્ઞાનને લગતા પ્રશ્નો :</u>

- ભારતીય બંધારણ, મૂળભૂત હક્કો અને ફરજો
- રાજનીતિ અને શાસનતંત્ર(રાજ્ય અને દેશ), પ્રવાહો અને માળખું.
- ગણિત, ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન અને ટેક્નોલોજી, પર્યાવરણ.
- ખેલ-કુદ અને રમતો
- સંગીત અને કલા
- રાઇટ ટુ ઈન્ફર્મેશન એક્ટ-૨૦૦૫ (આર.ટી.આઇ.)
- ધ રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ (આર.ટી.ઈ.)
- મહાન વિભૂતિઓ (દેશ), વર્તમાન પ્રવાહો અને આનુષાંગિક બાબતો.

(ખ) વહીવટી સંચાલન :

- ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનુ માળખુ અને તેની કચેરીઓનું કાર્ય તેમજ આંતર સબંધો (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય શૈક્ષણિક ટેક્નોલોજી ભવન, જિલ્લા શિક્ષણ સમિતિ, નગર શિક્ષણ સમિતિ, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી)
- ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૭
- ગુજરાત પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯
- ગુજરાત શૈક્ષણિક સંસ્થા (નિયમન) અધિનિયમ-૧૯૮૪
- ગુજરાત શૈક્ષણિક સંસ્થા (પૂર્વ-પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષક તાલીમ કોલેજ) નિયમો-૧૯૮૪
- નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન એક્ટ-૧૯૯૩,
- શિક્ષણ પંચો અને શિક્ષણ નીતિ, શિક્ષણમાં નૂતન પ્રવાહો, શિક્ષણ સુધારણા અને પહેલ (રાજ્ય અને દેશ કક્ષાએ)
- રાષ્ટ્રીય અભ્યાસક્રમ પરિચર્યા -૨૦૦૫
- શિક્ષણ ક્ષેત્રે કાર્યરત રાજ્ય અને રાષ્ટ્રીય સંસ્થાઓનું માળખુ અને કાર્યો (એન.સી.ઈ.આર.ટી., નુપા, એન.સી.ટી.ઈ., સી.બી.એસ.ઈ.)
- શીખવવાના કૌશલ્યો, શિક્ષણમાં ટેક્નોલોજીનો ઉપયોગ
- શિક્ષણમાં નવિનીકરણ લાવવાની આવડત
- આચાર્યનું માનસિક સ્વાસ્થ્ય
- શિક્ષણમાં નવિન પ્રવિધિઓનું જ્ઞાન અને અમલીકરણ
- ક્રિયાત્મક સંશોધન.
- સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન
- સ્કૂલ મેનેજમેન્ટ કમિટિ અને આનુષાંગિક તમામ બાબતો

શાળાકીય નેતૃત્વ :

- શાળા સંચાલનના મૂળ સિદ્ધાંતો
- વ્યવસ્થાપનનાં કાર્યો અને ફરજો
- પ્રેરણા, માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન
- નેતૃત્વના ગુણો

(ગ) મેથડોલોજી અને એજ્યુકેશન સાયકોલોજી

- રીઝનીંગ એબીલીટી અને લોજીકલ રીઝનીંગ, ડેટા ઈન્ટરપ્રિટેશન સાથે.

III વિભાગ – ૨ (૭૫- ગુણ)

આ વિભાગમાં પ્રાથમિક શાળામાં ધોરણ-૧ થી ૮ના અભ્યાસક્રમ આધારિત પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવશે પરંતુ તેનું કઠિનતા મૂલ્ય અને સંબંધ માધ્યમિક શિક્ષણ (ધો.૯ અને ધો.૧૦) પ્રમાણે રહેશે પરંતુ દરેક વિષયનો ગુણ ભારાંક સમાન રહે તે જરૂરી નથી.

(૫) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીમાં પસંદગી પામવાના ધોરણો :

(ક) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીમાં બન્ને વિભાગના સંયુક્ત રીતે મળી કુલ ૬૦ (સાઇઠ) ટકા ગુણ મેળવેલ હશે તો જ પાસ ગણાશે.

(ખ) અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને વિકલાંગ ઉમેદવારના કિસ્સામાં મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી ૫૫ ટકા મેળવીને ઉત્તીર્ણ કરવાની રહેશે.

(૬) આ પરીક્ષા પાસ કરવાનું સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા સંચાલિત (જિલ્લા/નગર શિક્ષણ સમિતિ) અને અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષકની પસંદગી માટે ફરજિયાત રહેશે.

(૭) (ક) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીના પ્રમાણપત્રની માન્યતા અવધિ પાંચ વર્ષની રહેશે. પરંતુ આ કસોટી આપવા માટે પ્રયત્નોની સંખ્યા નિયત કરવામાં આવતી નથી. એક વખત આ અભિયોગ્યતા કસોટી આપ્યા પછી ઉમેદવાર પોતાની ગુણાત્મક સુધારણા અને સારા ગુણાંકન માટે એક કરતા વધારે વખત પરીક્ષા આપી શકશે. અને તેવી સ્થિતિમાં ઉમેદવાર મુખ્ય શિક્ષકની ભરતી માટે HTATની પરીક્ષા પાસ કર્યાનું જે પ્રમાણપત્ર રજૂ કરશે તે ધ્યાને લેવામાં આવશે.

(ખ) બઢતીથી મુખ્ય શિક્ષક બનવા માટે મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (HTAT) એક વખત પાસ કરવાની રહેશે. તેમાં પાંચ વર્ષની અવધિ લાગુ પડશે નહી.

(ગ) આ પરીક્ષા જરૂરી લાયકાત માટેની છે, તેનાથી મુખ્ય શિક્ષક તરીકે પસંદગી માટેનો હક્ક મળતો નથી.

(૮) દરેક સફળ ઉમેદવારને ગુણાંકન સાથેનું પ્રમાણપત્ર ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આપવામાં આવશે. જેમાં ઉમેદવારનું નામ, પરીક્ષા કેન્દ્રનું નામ અને કોડ નંબર, ઉમેદવારની જન્મ તારીખ, કસોટી આપ્યાનો માસ અને વર્ષ તેમજ બન્ને વિભાગમાં મેળવેલ ગુણ અને ટકા છાપવાના રહેશે.

(૯) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી માટે ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આવેદનપત્ર મંગાવવામાં આવે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો છૂપાવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું રાજ્ય પરીક્ષા બોર્ડને માલુમ પડશે તો તેવા ઉમેદવારના પરિણામ રદ કરવાનો નિર્ણય અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ લેશે.

(૧૦) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (HTAT) નું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. ટી. મંડોરા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય,ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, સેકટર-૧૭,ગાંધીનગર
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મા.અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ

} નિયામકશ્રી, પ્રા.શિ.ની કચેરી મારફત.

- પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
- પ્રમુખશ્રી, ગુજરાત પ્રાથમિક શિક્ષણ સંઘ, ગુજરાત રાજ્ય,, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
  (ઠરાવની નકલ વિભાગની વેબસાઇટ ઉપર મુકવા માટે)
- સિલેકટ ફાઇલ

**પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક
થવા માટેનો અનુભવ બાબત.**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/સીંગલ ફાઇલ-૩/ક
સચિવાલય, ગાંધીનગર.
તાઃ ૧૬-૫-૨૦૧૨

વંચાણે લીધાઃ

(૧) શિક્ષણ વિભાગનું તા.૧૮-૦૧-૨૦૧૨ના જાહેરનામું ક્રમાંકઃ પીઆરઇ-૧૧૧૧-સીંગલ ફાઇલ-૩/ક.

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૯-૦૨-૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૧૧-સીંગલ ફાઇલ-૩/ક.

**આમુખઃ**

૧. શિક્ષણ વિભાગના ક્રમાંક(૧) ઉપરના જાહેરનામાથી મુખ્ય શિક્ષકની લાયકાતો નકકી કરવામાં આવેલ છે અને ક્રમાંક(૨) ઉપરના ઠરાવથી જરૂરી લાયકાતો પૈકી પાંચ વર્ષના અનુભવની જરૂરિયાત બાબતે દરેક શાળાઓ જે તે ઉમેદવારને ચેકથી પગારનું ચુકવણું કરતી હતી તે બાબતના સંબંધિત શાળાના સંચાલક મંડળનું પ્રમાણપત્ર અને ઉમેદવારે રજૂ કરવાના એફીડેવીટની જોગવાઇ કરવામાં આવી હતી. આ બાબતે ફકત ચેકથી પગાર ચુકવાતો હોય તેટલા પૂરતા જ પુરાવા માન્ય ન રાખતા અને બીજા દસ્તાવેજી પુરાવા પણ અનુભવ માટે માન્ય રાખવા નામદાર હાઇકોર્ટમાં જુદી જુદી પીટીશનો ફાઇલ કરવામાં આવી હતી. જેમાં નામ.હાઇકોર્ટે તા.૦૮-૦૫-૨૦૧૨ના ચુકાદાથી અનુભવના પુરાવામાં ફકત ચેકથી/બેન્ક મારફત પગારનું ચુકવણું કરતા હોવાના સુધી સીમિત રાખવાની બાબતને અમાન્ય ઠરાવેલ છે અને અનુભવની બાબતમાં બીજા દસ્તાવેજી પુરાવાઓ પણ વિચારણામાં લેવા જણાવેલ છે. નામ. હાઇકોર્ટે પોતાના ચુકાદાના ફકરા-૧૧.૧૩થી તા.૨૯-૦૨-૨૦૧૨નો ઠરાવ પણ રદ કરેલ છે.

૨.	નામ.હાઈકોર્ટના ઉપરોક્ત ચુકાદાને ધ્યાને લઈને અનુભવ બાબતે કયા પ્રકારના પુરાવાઓ અને દસ્તાવેજો સ્વીકારવા અને વિચારણામાં લેવા તે બાબત ઉપર સરકારે પુખ્ત વિચારણા કરી છે અને બીજા એવા કોઈપણ પુરાવા અને દસ્તાવેજો કે જે ફક્ત શાળા સુધી સીમીત ના રહેતા હોય પણ નિયમિતરૂપથી/સમયાંતરે સરકારના કોઈપણ વિભાગ કે સત્તાધિકારી પાસે જમા કરાવવામાં આવતા હોય તેવા દસ્તાવેજોને પણ પુરાવા તરીકે સ્વીકારવાનું નક્કી કરેલ છે. સબબ, અનુભવના પુરાવા તરીકે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**<u>ઠ રા વ:</u>**

(૧)	શિક્ષણ વિભાગના ક્રમાંક(૨) ઉપર વંચાણે લીધેલ તા.૨૯-૦૨-૨૦૧૨નો ઠરાવ આથી રદ કરવામાં આવે છે.

(૨)	અનુભવ બાબતમાં નીચે મુજબના પુરાવાઓ ધ્યાને લેવાના રહેશે.

(ક)	શાળા/સંસ્થા સંબંધિત શિક્ષકને પગાર ચેકથી ચુકવતી હોય અને બેન્કમાં જમા કરાવવામાં આવતો હોય તે બાબતનો પુરાવા. આ બાબતે સક્ષમ અધિકારીએ પરિશિષ્ટ-૧ પ્રમાણેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે અને ઉમેદવારો પરિશિષ્ટ-૨ પ્રમાણેનું સોગંદનામુ રજૂ કરવાનું રહેશે.

(ખ)	એમ્પલોઈઝ પ્રોવિડન્ટ ફંડ(EPF)/કોન્ટ્રીબ્યુશન પ્રોવિડન્ટ ફંડ(CPF) બાબતનો પુરાવો.

(ગ)	DISE ( District Information System for Education)માં શાળાએ દર વર્ષે રજૂ કરેલ માહિતીમાં સંબંધિત ઉમેદવાર શિક્ષક તરીકે દર્શાવતા હોવાનો પુરાવો.

(ઘ)	બીજા એવા કોઈપણ દસ્તાવેજી પુરાવા કે જે નિયમિતરીતે શાળા દ્વારા જાળવવામાં આવતા હોય અને નિયમિતપણે/સમયાંતરે ( અઠવાડિક અથવા પાક્ષિક અથવા માસિક અથવા ત્રિમાસિક અથવા વાર્ષિક) સરકારના કોઈપણ વિભાગમાં અધિકારીઓ પાસે માહિતી સ્વરૂપે કે બીજા અન્ય સ્વરૂપે જમા કરાવવામાં આવતા હોય.

ઉપરોકત (ખ)(ગ)(ઘ) બાબતે સંબંધિત સંસ્થાના સક્ષમ અધિકારીએ પરિશિષ્ટ-૩ પ્રમાણેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે અને ઉમેદવારે પરિશિષ્ટ-૪ પ્રમાણેનું સોગંદનામું રજૂ કરવાવનું રહેશે.

(૩) શાળા/સંસ્થાના કયા સક્ષમ અધિકારી પ્રમાણપત્ર આપશે તે નીચે મુજબ છે.

| ક્રમ | સંસ્થાનો પ્રકાર | કયા સક્ષમ અધિકારી પાસેથી અનુભવનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | જિલ્લા શિક્ષણ સમિતિ | તાલુકા કેળવણી નિરીક્ષકશ્રી |
| ૨. | નગર શિક્ષણ સમિતિ | શાસનાધિકારીશ્રી |
| ૩. | ડાયેટ/સરકારી પી.ટી.સી.કોલેજો | ડાયેટ સરકારી પી.ટી.સી. કોલેજના પ્રાચાર્યશ્રી |
| ૪. | સરકારી માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક | સંસ્થાના આચાર્યશ્રી |
| ૫. | બિન સરકારી પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક(ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓ) | સંચાલક મંડળ |
| ૬. | બિન સરકારી પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક(નોન ગ્રાન્ટેડ સંસ્થાઓ) | સંચાલક મંડળ |
| ૭. | બિન સરકારી ગ્રાન્ટ ઇન એઇડ, નોન ગ્રાન્ટેડ, પી.ટી.સી. કોલેજો, અધ્યાપન મંદિરો | સંચાલક મંડળ |

સંચાલક મંડળે પ્રમાણપત્ર આપવાના કેસોમાં સંચાલક મંડળે અધિકૃત કરેલ વ્યકિતએ( પ્રમુખ/મંત્રી/મેનેજીંગ ટ્રસ્ટી/આચાર્ય) પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(૪) અરજદારોનો કુલ અનુભવ જો એક કરતાં વધારે શાળાઓનો હોય તો દરેક શાળા/સંસ્થાનો અનુભવ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે અને પરિશિષ્ટ-૨/પરિશિષ્ટ-૪ મુજબના સોગંદનામામાં દરેક શાળાની જુદી વિગત દર્શાવવાની રહેશે.

(૫) પસંદગી સમિતિને જરૂર જણાય તો અન્ય આનુસાંગિક પુરાવા ચકાસણી માટે માંગી શકશે તે માટે ઉમેદવારે પસંદગી સમિતિને પુરાવાની મૂળપ્રત સાથે પ્રમાણિત નકલો રજૂ કરવાની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પોપટસિંહ વાઘેલા)
ઉપસચિવ(પ્રા.શિ.)
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
